સરકારી બાબુઓ પણ રાજકારણના રસ્તે



સરકારી બાબુઓમાં ભાજપ પાસે ટિકિટ માગનારાઓની સંખ્યા વધુ છે, અલબત્ત, કેટલાકે કોંગ્રેસ પાસે પણ ટિકિટની અપેક્ષા રાખી છે તો કેટલાક એવા પણ છે જેમને રાજકારણમાં જવું છે ખરું, પરંતુ કયા પક્ષના માધ્યમથી જવું તે નક્કી નથી

ગાંધીનગર, તા. ૪

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે વર્તમાન રાજકારણીઓ કે ભાવિ રાજકારણીઓ તો પોતાના માટે કે પોતાના વારસો માટે ટિકિટની માગણી વ્યક્ત કરી જ રહ્યા છે, પરંતુ કેટલાક ફરજરત અને નિવૃત્ત સરકારી અધિકારીઓ પણ એવા છે જેમને હવે રાજકારણમાં સ્થાન જોઈએ છે અને તેઓ પોતાને ટિકિટ મળે તે માટે લોબીંગ કરી રહ્યા છે.

સ્વાભાવિક રીતે જ આ સરકારી બાબુઓમાં ભાજપ પાસે ટિકિટ માગનારાઓની સંખ્યા વધુ છે. અલબત્ત, કેટલાંકે કોંગ્રેસ પાસે પણ ટિકિટની અપેક્ષા રાખી છે તો કેટલાક એવા પણ છે જેમને રાજકારણમાં જવું છે ખરું, પરંતુ કયા પક્ષના માધ્યમથી જવું તે નક્કી નથી.

કોઈપણ પક્ષે હજુ સુધી તો આ બાબુઓને ટિકિટ આપવાની જાહેરાત કરી નથી, પરંતુ બાબુઓનું લોબીંગ ચાલુ છે અને પોતાને ટિકિટ મળશે એવી એમની અપેક્ષા પણ કાયમ છે. પરંતુ આ બાબુઓના ટિકિટ માટેના લોબીંગથી ચૂંટણીમાં એક નવો રંગ તો ચોક્કસ ઉમેરાયો છે.

ભાજપ પાસે ટિકિટની અપેક્ષા રાખી રહ્યા છે વર્તમાન ધારાસભ્ય આર એમ પટેલ, સીએમઓ અધિક કલેક્ટર ચંદ્રેશ કોટક, સિવિલ સુપ્રિટેન્ડન્ટ એમ એમ પ્રભાકર, સુરત કલેક્ટર એમ એસ પટેલ, નિવૃત્ત ડીવાયએસપી તરુણ બારોટ, નિવૃત્ત ડીએસપી નરેન્દ્ર અમીન, નિવૃત્ત ડીવાયએસપી પી કે ચૌધરી, આણંદ ડેપ્યુટી કલેક્ટર મણિલાલ પારગી (પત્ની ઝાઝમ માટે), નિવૃત્ત આઈપીએસ બી ડી વાઘેલા, છોટા ઉદેપુર ડીએસપી પી સી બરંડા, નિવૃત્ત સચિવ એચ એસ પટેલ.

કોંગ્રેસ પાસેથી ટિકિટની અપેક્ષા રાખી રહ્યા છે સસ્પેન્ડેડ આઈપીએસ સંજીવ ભટ્ટ, નિવૃત્ત આઈપીએસ રાજન પ્રિયદર્શિની, નિવૃત્ત આઈપીએસ વી વી રબારી, કુલદીપ શર્મા અને પી કે વાલેરા.

ઉપરાંત નિવૃત્ત આઈપીએસ ડી જી વણઝારા, અને રાહુલ શર્મા હાલ કોંગ્રેસ સાથે વાટાઘાટો કરી રહ્યા હોવાના સમાચાર મળ્યા છે. અને કોંગ્રેસ સાથેની આ વાટાઘાટો સફળ ન નીવડે તો તેઓ અપક્ષ ઉમેદવારી કરવાના મૂડમાં છે, એવા સમાચારો પણ વહેતા થયા છે.

સુરતમાં રાહુલે હકડેઠઠ જનમેદની વચ્ચે પાટીદારની ટોપી પહેરી

હું તમારો વિશ્વાસ જીતવા આવ્યો છું : રાહુલ ગાંધી

સુરત, તા. ૪

પાટીદારોના ગઢ ગણાતા સુરતના વરાછા વિસ્તારમાં રાહુલ ગાંધીએ વિશાળ માનવ મેદનીને સંબોધી હતી. રાહુલે હકડેઠઠ જનમેદની વચ્ચે પાટીદારની ટોપી પહેરી. દરમિયાન શ્રોતાઓએ તેમને 'જય સરદાર, જય પાટીદાર' અને 'જય ભવાની ભાજપ જવાની'ના નારા સાથે વધાવી લીધા હતાં. પાટીદારો અને સુરતની કરોડરજ્જુ સમાન કાપડ ઉદ્યોગ અને હીરા ઉદ્યોગના વેપારીઓ સહિતના લોકોને સંબોધન કરતા આશરે ૩૦ મિનિટ કરેલા ઉદ્બોધનમાં ભાજપ, નરેન્દ્ર મોદી પર અને અમિત શાહ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે સમાજના દરેકમાં અસંતોષ હોવાનું અને દરેક વર્ગ પોતાની લડાઈ લડતો હોવાનું જણાવી સૌને સાથે રાખી આગળ ચાલવાની પોતાની મંશા પ્રગટ કરી હતી. જીએસટીના દર ૧૮ ટકાથી વધું ન હોવા જોઈએ તેવી ખુલ્લા મને રજૂઆત કરી. કહ્યું કે કેન્દ્રમાં કોંગ્રેસ આવશે એટલે આ જીએસટી અંગે યોગ્ય નિર્ણય લઈ બધું ઠીક કરશે, તેમ કહીને તેમણે

સુરતમાં વર્ષ ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણીનો પાયો નાંખ્યો. ગુજરાતના પ્રાણ પ્રશ્નો, ગુજરાતની જનતાની લડાઈ, આમજનતાની મુશ્કેલી, વિવિધ જાતિના લોકોની લડાઈ જેવા મુદ્દાઓને સ્પર્શતા રાહુલે એક સાતત્ય પૂર્ણ અને મુદ્દા સ્પર્શી વ્યકતવ્ય આપ્યું. ગુજરાતના યુવાઓ બેરોજગાર છે. જ્યારે જીએસટીને કારણે સૌથી વધું નુકસાન નાના વેપારીઓને થયું. કેન્દ્રમાં આ વિશે અમે રજૂઆત એક ટેક્ષ ૧૮ ટકાની માંગણી કરી, રજૂઆત પણ કરી હતી. પણ સરકારે તે વિશે સાંભળવાને બદલે તમે સરકારમાં નથી વિરોધમાં છો એમ કહી ૨૮ ટકા સુધીનો જીએસટી દર લાગુ કરી દીધો.

એ પછી પણ અમે રજૂઆત કરવા ગયા હતા કે ત્વરિત જીએસટીનો અમલ ન કરો. લાગૂ કરતાં પહેલાં તેનો ત્રણ- ચાર મહિના અભ્યાસ કરો. પછી તેને લાગુ કરો પણ ત્યારે પણ જવાબ મળ્યો અમે એક દિવસમાં લાગુ કરીશું અને રાતે ૧૨ વાગે જીએસટી લાગૂ કરી દેવાયો. રાહુલે કહ્યું હતું કે, રોજગાર મોટી કંપનીઓ નહી પણ નાના વેપારીઓ લાવે છે. નોટબંધી અને GSTથી વેપાર પર આક્રમણ થયું છે. વિજય માલ્યા ભારતની જેલમાં કેમ નથી. નોટબંધી વખતે બેંકોની લાઈનમાં કોઈ સુટબુટવાળા કેમ ના દેખાયા. GST કોંગ્રેસ પક્ષનો વિચાર હતો. અમે ૧૮ ટકાથી વધુ ટેક્સ નહી તેમ કહ્યું હતું. GST અચાનક લાગુ કરવાથી મોટા ઉધોગપતિઓને નુકસાન નથી થયું. એક આત્મવિશ્વાસથી છલકતા રાહુલ ગાંધીએ કોઈ જ ખચકાટ વગર વરાછાની સભામાં મંચ પરથી જીગ્નેશ મેવાણી, અલ્પેશ ઠાકોર, હાર્દિક પટેલને યાદ કરી કહ્યું કે, હું કોઈ ખોટા વાયદા કરવા તમારી વચ્ચે નથી આવ્યો. હું તમારા ખાતામાં ૧૫ લાખ જમા કરાવી દઈશ તેવા વાયદા હું મારા જીવનમાં ક્યારેય ન કરી શકું. ગુજરાતમાં દરેક સમાજ પોતાની લડાઈ રહ્યો છે. તમામ જગ્યાએ અસંતોષ જોવા મળી રહ્યો છે. અમે બધાંને સાથે લઈને ચાલીશું. ગુજરાતને જોડવાની જરૂરત છે.

'કહાની ઘર ઘર કી': પુત્ર કે પુત્રીને ટીકીટ માટે કોંગ્રેસ કરતાં ભાજપ એક કદમ આગે

ભારતનું રાજકારણ હોય કે કોઈપણ પ્રદેશની રાજનિતી, પ્રત્યેક જગ્યાએ વારસદાર માટે ખુરશી ખાલી કરવામાં આવતી હોય છે. ભાજપના નેતાઓ અને ખાસ કરીને નરેન્દ્ર મોદી એવા આરોપ મૂકે છે કે કોંગ્રેસ એટલે વંશવાદ, પરિવારના સભ્યોને ચૂંટણી લડવાની ટીકીટ આપે છે અને ખુરશી પણ આપે છે. મોદીએ દાખલા સાથે કહ્યું હતું કે જવાહરલા નહેરૂ પછી ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીને દેશના વડાપ્રધાન બનાવ્યા હતા પરંતુ ભાજપમાં તેવું નથી.

આજે ભાજપમાં સૌથી વધુ વારસદારો છે...

આજે તેમના આ આક્ષેપો તેમના જ વિધાનોને ખોટા પાડી રહ્યાં છે. વંશવાદ માત્ર કોંગ્રેસમાં જ નથી, ભાજપમાં પણ છે.

ભાજપમાં કેન્દ્રીય નાણામંત્રી રહી ચૂકેલા યશવંતસિંહાના પુત્ર જયંત સિંહાને મિનિસ્ટ્રી મળી છે. મહારાષ્ટ્રના દિવંગત મુંડેની પુત્રીને સર્વોચ્ચ પદ આપવામાં આવ્યું છે. પુનમ મહાજન પણ પાર્ટીમાં ઉચ્ચસ્થાને છે. અનુરાગ ઠાકુર એ પ્રેમકુમાર ધુમલના રાજકીય વારસ છે. અનુરાગના પત્નિ પણ ભાજપના રાજકારણમાં છે. વિજ્યારાજે સિંધિયાની દિકરીઓ પૈકી એક વસુંધરા રાજે રાજસ્થાનના મુખ્યમંત્રી છે. બીજા દિકરી યશોધરા રાજે મધ્યપ્રદેશની કેબિનેટમાં છે. વેદપ્રકાશ ગોયલ એટલે કે વાજપેયીની સરકારમાં કેબિનેટ મંત્રી હતા આજે તેમના પુત્ર વિજય ગોયલ મોદી સરકારમાં મંત્રી છે. મોદી સરકારમાં મેનકા ગાંધી છે અને પુત્ર વરૂણ ગાંધી સાસંદ છે.

ગુજરાતની સ્થિતિ તપાસીએ તો વિઠ્ઠલ રાદડિયાના પુત્ર જયેશ રાદડિયા ગુજરાત સરકારમાં મંત્રીપદ ભોગવે છે. પુરૂષોત્તમ સોલંકીના ભાઇ હિરાભાઈ સોલંકી ધારાસભ્ય છે. એક ભાઈ મંત્રી છે અને બીજા ભાઇ

૨૦૧૭માં નેતા પુત્રોને ટીકીટ મળે તે માટે દબાણ...

ધારાસભ્ય છે. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલના પુત્ર ભરત પટેલને મોદીએ ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં ટીકીટ આપવાનું નક્કી કર્યું હતું પરંતુ કેશુભાઈએ ગુજરાત પરિવર્તન પાર્ટી ખોલી નાંખી હતી. અત્યારે આનંદીબહેન પટેલના પુત્રી અનાર પટેલને વિધાનસભાની ટીકીટ આપવાની કાર્યવાહી થઈ રહી છે. આનંદીબહેન મુખ્યમંત્રી પદે રહી ચૂકેલા છે.

આ ઉપરાંત ભાજપના બાબુ જમના પટેલની ટીકીટના ઠેકાણાં નથી ત્યારે તેમણે તેમના પુત્ર કેતન પટેલને ટીકીટ અપાવવા દોડાદોડી થઈ રહી છે. અમદાવાદના સાંસદ અને રૂપાણી સરકારના મંત્રી વલ્લભ કાકડીયા સામે ઉગ્ર વિરોધ છે ત્યારે તેમણે તેમના પુત્ર મહેશ પટેલ માટે લોબિંગ શરૂ કર્યું છે. ઊંઝાના ધારાસભ્ય નારણ લલ્લુ પટેલ સામે પણ રોષ છે ત્યારે તેમણે તેમના પુત્ર ગૌરાંગ પટેલને ટીકીટ મળે તે માટે ધમપછાડા શરૂ કર્યા છે.

કોંગ્રેસ છોડીને ભાજપમાં આવેલા સાણંદના ધારાસભ્ય કરમશી પટેલ તેમના પુત્ર કનુ પટેલને આગળ કરી રહ્યાં છે. હિંમતનગર બેઠક પરથી ચૂંટાયેલા અને એક સમયના ગૃહ રાજ્યમંત્રી પ્રફુલ્લ પટેલે તેમના પુત્ર સિદ્ધાર્થ પટેલને ટીકીટ મળે તે માટેના પ્રયાસો શરૂ કર્યા છે. ભાજપ જેની ઘૂંટણિયે પડી કોળી મતો માટે ભીખ માગે છે તે પુરૂષોત્તમ સોલંકીની તબિયત સારી રહેતી ન હોવાથી તેમણે આ વખતે તેમના પુત્ર દિવ્યેશ સોલંકી માટે ટીકીટ આપવા દબાણ ઉભું કર્યું છે.

કોંગ્રેસમાં ગાંધી પરિવાર સર્વોચ્ચ પદે છે ત્યારે પ્રદેશોમાં પણ વંશવાદને બળ મળ્યું છે. રાજેશ પાયલોટનો પુત્ર સચિન પાયલોટ સંસદસભ્ય છે.

માધવરાવ સિંધિયાનો પુત્ર જ્યોતિરાદિત્ય સિંધિયા પણ સંસદસભ્ય છે અને હવે તે આગામી ચૂંટણીમાં મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રીનો દાવેદાર છે.

ગુજરાત કોંગ્રેસમાં પણ વારસદારો પેદા થયેલા છે.

કોંગ્રેસ પર વંશવાદના આરોપ મૂકવામાં આવ્યા છે

ભૂતપૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના પુત્ર ભરત સોલંકી હાલ ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ છે. પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીના પુત્ર તુષાર ચૌધરી કેન્દ્રીય કેબિનેટમાં મંત્રી રહી ચૂક્યાં છે. પૂર્વ મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલના પુત્ર સિદ્ધાર્થ પટેલ પણ ગુજરાત કોંગ્રેસમાં ધારાસભ્ય રહી ચૂક્યાં છે. એ ઉપરાંત કોંગ્રેસ છોડીને જનવિકલ્પ પાર્ટી બનાવનારા શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા ગુજરાત વિધાનસભાના ધારાસભ્ય છે. ગુજરાત કોંગ્રેસના પૂર્વ સિનિયર નેતા બી.કે.ગઢવીના પુત્ર મુકેશ ગઢવી પણ ધારાસભ્ય તરીકે રહી ચૂક્યાં છે. એક સમયે કોંગ્રેસના સિનિયર મહિલા ધારાસભ્ય ઉર્વશી દેવીના પુત્રને પણ ભાજપે ટીકીટ આપી છે. કોંગ્રેસના પૂર્વ સિનિયર નેતા મનોહરસિંહ જાડેજાના પુત્ર પરાંજ્યને પણ ભાજપે ટીકીટ આપી છે.

રાજનિતીમાં વારસદાર હોવું એ કંઈ નવી બાબત નથી. જેમ રાજા અને મહારાજાઓના સમયમાં પુત્રને ગાદી મળતી હતી તેમ ભાજપ અને કોંગ્રેસ બન્ને પાર્ટીમાં ધારાસભ્ય, સંસદસભ્ય કે મંત્રી રહી ચૂકેલા નેતાને પરિવારમાંથી ટીકીટના ચાન્સ આપવામાં આવે છે અથવા તો દબાણ કરવામાં આવતું હોય છે.

ગુજરાત કોંગ્રેસ સિનિયર્સને હટાવી નવા ચહેરા મૂકાશે

ગાંધીનગર, તા. ૪

ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતા શકિતસિંહ ગોહીલ, અર્જુન મોઢવાડીયા અને સિધ્ધાર્થ પટેલ વિધાનસભાની ચુંટણીમાંથી ખસી જાય તેવો નિર્ણય કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા લેવામાં આવ્યો છે તેવું સુત્રોનું કહેવુ છે. તેવી જ રીતે ઉમેદવાર પસંદ કરવાની પ્રક્રિયામાંથી પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલકીને પણ હટાવી દેવામાં આવે તેવી પણ સંભાવના છે.

ગુજરાત વિધાનસભાની ચુંટણીની તમામ બાગડોર કોંગ્રેસના ઉપાધ્યાક્ષ રાહુલ ગાંધીએ સંભાળી લીધી છે. સતત ચુંટણી હારી રહેલી ગુજરાત કોંગ્રેસના કારણોની તપાસ બાદ રાહુલ ગાંધીએ વ્યુહ રચના બદલી મોટા ભાગના સિનિયર નેતાઓને ચુંટણીમાંથી હટાવી નવા ચહેરાઓને જ મુકવાનો નિર્ણય કર્યો છે. જો કે સિનિયર નેતાઓ પણ પક્ષ માટે મહત્વના હોવાને કારણે તેમને વિશિષ્ટ જવાબદારી સોંપવામાં આવશે.

સુત્રોની જાણકારી પ્રમાણે ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતા ભરતસિંહ સોંલકી ચુંટણી લડવા માગતા નથી, જયારે ચુંટણી લડવા માગતા અર્જુનભાઈ, શકિતસિંહ અને સિધ્ધાર્થ પટેલને એકાદ બે દિવસમાં કહી દેવામાં આવશે કે તેમણે ચુંટણી લડવાનો વિચાર માંડી વાળવો જોઈએ, તેના બદલે આ ત્રણે નેતાઓ રાજયના વિવિધ વિસ્તારે વહેચી દઈ તે વિસ્તારની બેઠકો જીતી શકાય તેના કામમાં જોતરી દેવા, ચુંટણીના પરિણામ બાદ સત્તા મળે તો આ ત્રણે નેતાઓને કઈ રીતે સત્તામાં ભાગીદાર બનાવી શકાય તેનો નિર્ણય રાહુલ ગાંધી દ્વારા લેવામાં આવશે.

આ પ્રકારે ભરતસિંહ સોંલકી પણ પોતાના જુના મુરતીયાઓને ટીકીટ આપવા માગે છે, જેઓ સતત ચુંટણી હારી રહ્યા છે, જો તેમને ફરી ટીકીટ મળશે તો કોંગ્રેસની સુધરી રહેલી બાજી ખોટા ઉમેદવારને કારણે કોંગ્રેસ ગુમાવી દેશે, તેવી ફરિયાદ બાદ ભરતસિંહને પણ ઉમેદવાર પસંદગીમાંથી દુર કરી દેવાનો નિર્ણય લેવાઈ ચુકયો છે. જો કે આ અંગે હજી સત્તાવાર રીતે કોઈ કશુ કહેવા તૈયાર નથી અને સત્તાવાર જાહેરાંત પણ થઈ નથી છતાં બહુ જલદી તે અંગે જાહેરાંત થશે તેવુ સુત્રોનું કહેવુ છે.

ભાજપની હાર-જીતનો મદાર હજુ પણ નરેન્દ્ર મોદી ઉપર

ગાંધીનગર, તા. ૪

ભાજપની જ્યારે પણ સ્થિતિ બગડી છે ત્યારે તેની સ્થિતિ સુધારવા માટે નરેન્દ્ર મોદી અકસીર દવા સાબિત થયા છે. ગુજરાત ભાજપમાં એક સાંધો ત્યારે તેર તુટે તેવી સ્થિતિ છે. ભાજપની સ્થિતિ બગડી રહી છે તેવુ ખુદ ભાજપી નેતાઓ પણ જાણી ગયા છે. આમ છતાં તેમને એક વિશ્વાસ છે કે ભાજપનો મેજીક મેન નરેન્દ્ર મોદી ગુજરાત આવશે અને ચિત્ર બદલાઈ જશે. નરેન્દ્ર મોદી ગુજરાતની ચૂંટણી માટે ૫૦ કરતા વધુ સભાઓ કરવાના છે.

પરંતુ ગુજરાતના ભાજપના નેતાઓ ભુલી ગયા કે પ્રજામાં જે નારાજગી છે. તે ગુજરાત ભાજપ અથવા વિજય રૂપાણી સરકાર સામે છે, તેના કરતા વધુ નારાજગી નરેન્દ્ર મોદી સામે છે. નરેન્દ્ર મોદી ગુજરાતમાં હતા ત્યારે જે ગુજરાતી તેમની ઉપર આફરીન હતો, તે આજે દુખી અને ગુસ્સામાં છે. પ્રજા જે પ્રશ્નોને કારણે નારાજ છે તે નારાજગી વિજય રૂપાણીના નિર્ણયને કારણે નથી પણ કેન્દ્ર સરકારમાં જતા પહેલા નરેન્દ્ર મોદીએ અચ્છે દિનની વાત કરી હતી તેવુ કંઈ જ સામાન્ય લોકોના જીવનમાં થયુ નહીં. રાષ્ટ્રવાદ હોય અથવા આર્થિક સુધારાની વાત હોય તે તમામમાં નરેન્દ્ર મોદીના વચનો માત્ર વચનો રહ્યા. વાસ્તવિક રીતે લોકોએ પોતાના જીવનમાં કોઈ સુધાર થતો જોયો નહીં. વિકાસ ગાંડો થયો છે તેની મઝાક થઈ ત્યારે તે મઝાક ગુજરાતની ન્હોતી, પણ નરેન્દ્ર મોદીની હતી. વિકાસની વાતો કરી પણ લોકોએ જોયુ કે પૈસા કમાવાની બાબતમાં ભાજપ પણ કોંગ્રેસની પંગતમાં જઈ બેસી ગઈ છે. ખાતો નથી અને ખાવા દેતો નથી તેવી મોદીની શેખી ઉપર પ્રજાએ ભરોસો મુક્યો પણ મોદીના સાથીઓ કઈ રીતે પૈસા કમાયા તે બધાએ જોયુ છે એટલે હવે મોદીએ ધીરે ધીરે ભ્રષ્ટાચારના મુદ્દે બોલાવાનું ઓછુ કરી નાખ્યુ છે. હવે પ્રજા જ્યારે નરેન્દ્ર મોદીને કારણે જ દુખી છે ત્યારે ગુજરાત આવી મોદી ભાજપને મત આપો તેવુ કહેશે અને પ્રજા માની જશે તે માનવુ અત્યારે તો મુશ્કેલ લાગી રહ્યુ છે. જે નરેન્દ્ર મોદીની સભામાં લોકો સ્વંયભુ આવતા હતા ત્યા હવે બસો ભાડે કરી લોકો લાવવા પડે છે. વર્ષો પહેલા કોંગ્રેસને જે કરવુ પડતુ હતું તે હવે ભાજપને કરવુ પડે છે. હજી મતદારોનો એક વર્ગ એવો છે કે જેમને ભાજપ સાથે કોઈ નીસ્બત નથી તે તો માત્ર નરેન્દ્ર મોદીને મત આપે છે. ૫૦-૫૦ સભાઓ કરી નરેન્દ્ર મોદી ગુજરાત ઘમરોળી નાખશે અને વાતાવરણ પાછુ ભાજપ તરફી થઈ જશે તેવો ભાજપના આશાવાદ કેટલો સાચો પડશે તે તો સમય જ બતાવશે.

ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પાંચ દિવસ ગુજરાત રાજ્યના પ્રવાસે

ગાંધીનગર, તા. ૪

ભાજપનાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પાંચ દિવસ સુધી ગુજરાતમાં ચૂંટણીલક્ષી ભ્રમણ કરશે. રાજ્યનાં વિવિધ વિસ્તારમાં ચૂંટણી સંબંધી પ્રવાસ કરશે.

આ પ્રવાસ દરમિયાન તેઓ ગુજરાતનાં કુલ ૩૬ શહેરોની મુલાકાત લેશે. તેઓ ૪ થી તારીખે કચ્છ, ગાંધીધામ, મોરબી અને, ભાવનગર તેમજ અમદાવાદ ખાતે સભાને સંબોધન કરશે. પમી તારીખે પંચમહાલ, દાહોદ, સાબરકાંઠા અને અરવલ્લીની મુલાકાત લેશે. નવસારી, ગોધરા, હિંમતનગરમાં સભા યોજાશે.

૭મી તારીખે પૂરો દિવસ રાજકોટ અને સુરતમાં સભા ગજવશે ૮મીએ જુનાગઢ, ખેડા, ગીર સોમનાથની મુલાકાત લેવાના છે. ભરૂચ, નડિયાદ ખાતે અલગ-અલગ બેઠક પર સભા કરશે. તો ૯મી નવેમ્બરે સુરત, જામનગર, વડોદરા અને દેવભૂમી દ્વારકાની બેઠકો પર અમિત શાહ સભા સંબોધન કરશે.